Extra No. 64

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette
EXTRAORDINARY
[PUBLISHED BY AUTHORITY]

Vol. LXVII] **FRIDAY, FEBRUARY 27, 2026 / PHALGUNA 08, 1947**

Separate paging is given to each part of the supplement to the Central Gazette and Central Section in order that it may be filed as a separate compilation

PART -I
SUPPLEMENT TO THE CENTRAL GAZETTE

અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા

વંચાણે લીધા (૧) અત્રેની કચેરીના જાહેરનામાં ક પીઓએલ/૨/જાહેરનામા/એસ.આર./૧૨/૨૦૨૬, તા.૨૭/૦૧/૨૦૨૬

(૨) સબ ડિવીઝનલ મેજીસ્ટ્રેટશ્રી, ખંભાતના પત્ર નં.પીઓએલ/વશી/૫૨, તા.૦૯/૦૨/૨૦૨૬

જાહેરનામુ

નં. પીઓએલ/૨/જાહેરનામા/એસ.આર./૧૯/૨૦૨૬ આમુખ-૧ થી કાર્યપાલક ઈજનેરશ્રી, માર્ગ અને મકાન (સ્ટેટ) વિભાગ, આણંદ હસ્તકના કન્સ્ટ્રકશન ઓફ R.O.B. (રેલ્વે ઓવર બ્રીજ) ઓન L.C. 51" એટ ખંભાત ઉપર રેલ્વે ઓવર બ્રીજની કામગીરી હાલ પ્રગતિમાં છે સલામતીના હેતુથી સદર માર્ગ પર જતા ભારે તથા મધ્યમ વાહનોની અવરજવર કરવા માટે તા.૨૬/૦૧/૨૦૨૭ સુધી પ્રતિબંધ કરી રોડ ડાયવર્ઝન કરવા અંગેનુ જાહેરનામુ પ્રસિધ્ધ કરવામાં આવેલ હતું. પરંતુ આમુખ-૨થી સબ ડિવીઝનલ મેજીસ્ટ્રેટશ્રી, ખંભાત દ્વારા સદરહું જાહેરનામાંના ડાયવર્ઝન રૂટમાં સુધારો કરવા અંગેની દરખાસ્ત અત્રે મોકલી આપેલ છે. જેથી આમુખ-૧ થી પ્રસિધ્ધ કરેલ જાહેરનામાંના ડાયવર્ઝન રૂટમાં નીચે મુજબ સુધારો કરવામાં આવે છે.

વાસ્તે, હું ઋતુરાજ દેસાઈ(GAS), અધિક જીલ્લા મેજીસ્ટ્રેટ, આણંદ ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૩(૧) (બી) અન્વયે મને મળેલ સત્તાની રૂઈએ નીચે જણાવેલ રૂટ ઉપર તા.૧૭/૦૨/૨૦૨૬ થી તા.૨૬/૦૧/૨૦૨૭ સુધી ભારે તથા મધ્યમ વાહનોને ડાયવર્ટ કરવા નીચે મુજબ સધારા હુકમ કરુ છું.

હયાત રૂટ:

ખંભાત સીટી રોડ ઉપર (નાની ખોડિયાર મંદીરથી આર.સી., અમીન પેટ્રોલ પંપ) તરફ જતો રસ્તો

ડાયવર્ઝન રૂટ (નાના વાહનો તથા એસ.ટી. બસો માટે) :-

રેલ્વે ફાટકથી ખોડિયાર મંદિર થઈ ગ્રામ્ય પોલીસ સ્ટેશન થઈ જીજસ મેરી સ્કૂલ થઈ ગિરીરાજ પાર્ક સોસાયટી થઈ માધવલાલ હાઈસ્કૂલ થી લાલદરવાજા તરફ જઈ શકશે.

બીજી તરફ જવા માટે:-

લાલ દરવાજા થઈ માધવલાલ હાઈસ્કૂલ થઈ બેઠક મંદિરની સામેથી જીજસ એન્ડ મેરી સ્કૂલ થઈ ગ્રામ્ય પોલીસ સ્ટેશન થઈ ક્રિષ્ના હોસ્પિટલ થઈ રેલ્વે ફાટક તરફ જઈ શકશે.

ડાયવર્ઝન રૂટ (મોટા વાહનો માટે) :-

કંસારીની ખોડિયાર ચોકડીથી કાણીસા ચોકડીથી કાણીસા ગામથી સાંઠ ચોકડીથી જીણજ થઈ દહેડા તરફ જઈ શકશે.

મધ્યમ તથા ભારે વાહને :-

ખંભાત તરફ આવતાં વાહનો કાણીસા ચોકડીથી કાણીસા ગામથી હરીયાણથી રંગપુરથી સાંઠ ચોકડીથી જીણજ થઈ દહેડા તરફ જઈ શકશે.

ઉક્ત વિગત મુજબ રોડ ઉપરનો ટ્રાફિક બંધ કરવામાં આવે અને વૈકલ્પિક માર્ગે વાળવામાં આવે તે માટે જરૂરી વ્યવસ્થા કાર્યપાલક ઈજનેરશ્રી, માર્ગ અને મકાન (સ્ટેટ) વિભાગ, આણંદ દ્વારા કરવાની રહેશે તેમજ રોડના ડાયવર્ઝન સૂચવતા બોર્ડ જે તે સ્થળોએ મૂકવાના રહેશે.

આ હુકમનો ભંગ કરનાર વ્યક્તિ ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૧૩૧ હેઠળ શિક્ષાને પાત્ર

આ હુકમ અન્વયે હેડ કોન્સ્ટેબલ કે તેનાથી ઉપરના દરજ્જાના પોલીસ અધિકારીશ્રીઓને જાહેરનામાના ભંગ બદલ ગુનો દાખલ કરવા અધિકૃત કરૂ છુ.

આજ તા. ૧૭/૦૨/૨૦૨૬ ના રોજ મારી સહી તથા સિક્કો કરી આપ્યો.

ઋતુરાજ દેસાઈ
અધિક જીલ્લા મેજીસ્ટ્રેટ
આણંદ

Signature Not Verified
Signed by : KAPADIYA ANANDKUMAR DAHYABHAI
Manager
Government Press & Stationery, Vadodara
Date : 2026.04.08 13:03:21 IST